## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ફેમીલી પેન્શનના વધારા માટે આપણા પતિદેવોએ ખૂબ રાહ જોઈ હવે તે મેળવવા આપણે બહુ રાહ જોવી ન પડે તો સારું...!!



## ‘સ્વર્ણિમ વિજય મશાલ’ ગાંધીનગર ખાતેના એર ફોર્સ સ્ટેશન પહોંચી

ગાંધીનગર ખાતે હેડક્વાર્ટર દક્ષિણ પશ્ચિમી એર કમાન્ડ ૨૪ ઑગસ્ટ ૨૦૨૧ના રોજ ભારતના વિજયની ઉજવણી કરવા માટે અને આપણા યુદ્ધ નાયકોના સર્વોચ્ચ બલિદાનને સંભારવા માટે આયોજીત કાર્યક્રમમાં ‘‘સ્વર્ણિમ વિજય વર્ષ’ની ‘વિજય મશાલ’ને આવકારવામાં આવી હતી. મશાલને પૂર્ણ સૈન્ય સન્માન સાથે આવકારવામાં આવી હતી અને પરિસરમાં મશાલના સમગ્ર રૂટ દરમિયાન હવાઈ યોદ્ધાઓ દેશભક્તિના રંગમાં આનંદથી ભરાઈ ઉઠ્યા હતા. સાઉથ વેસ્ટર્ન એર કમાન્ડના એર માર્શલ અને એર ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ સંદિપ સિંઘે યુદ્ધ સ્મારક પુષ્પ ગુચ્છ અર્પણ કર્યો હતો અને કમાન્ડના તમામ વરિષ્ઠ અધિકારીઓ અને હવાઈ યોદ્ધાઓની હાજરીમાં ‘સ્વર્ણિમ વિજય મશાલ’ને ભાવાંજલી પ્રદાન કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે દેશ આજે ૧૯૭૧ના યુદ્ધમાં વિજયની ૫૦મી વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યો છે ત્યારે, વર્ષ ૨૦૨૦-૨૧ને ભારત સરકારે ‘સ્વર્ણિમ વિજય વર્ષ’ જાહેર કર્યું છે. ‘સ્વર્ણિમ વિજય વર્ષ’ દેશ માટે સર્વોચ્ચ બલિદાન આપનારા ભારતીય સશસ્ત્ર દળોના યુદ્ધ નાયકોને સમર્પિત કરાયું છે. ૧૯૭૧નું ઐતિહાસિક યુદ્ધ બીજા વિશ્વ યુદ્ધ બાદ સૌથી મોટા સૈન્ય આત્મસમર્પણમાં પરિણમ્યુ હતું, જ્યાં શત્રુ સેનાના ૯૩ હજાર સૈનિકોએ ભારતીય સશસ્ત્ર દળોની સામે પોતાના હથિયારો હેઠા મુક્યા હતા.

## ખૂણેખાંચરેથી

- રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૨૮મી ઓગષ્ટે જન્મજયંતિ છે અને તે દિવસે રાજ્યકક્ષાનો કાર્યક્રમ મુખ્યમંત્રી રૂપાણીની અધ્યક્ષતામાં મહાત્મા મંદિર ખાતે યોજાશે.
- જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન આજે તેમની ગાડીમાં ચાવી ભરાવેલી રાખીને જ ઉપર જતા રહ્યા હતા અને પછી ચાવીની શોધખોળમાં અટવાઈ પડ્યા હતા.
- શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલ તમામ કર્મયોગીઓને ૫ મી સપ્ટેમ્બર સુધીમાં વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવાની સૂચના રાજ્ય સરકારે આપી છે.
- ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ગ્રામીણ વિસ્તારમાંથી ઉકરડા દૂર કરવાની મનપાએ આપેલ નોટીસોને પગલે આ મુદ્દે આજે નાયબ મ્યુનિ. કમિશનરને આવેદન પત્ર આપ્યુ હતુ.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો નથી.
- ૬ સપ્ટેમ્બરના રોજ જિલ્લા પંચાયતની અપીલ સમિતિની બેઠક મળશે.
- ગાંધીનગર તાલુકાના આદરદ મોટી ગામે આજે તંત્ર દ્વારા દબાણ હટાવવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

# આઈઆઈટી ખાતે ૧૦મો પદવીદાન સમારંભ

ગાંધીનગર, તા. ૨૬

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ખાતે ૧૦મો પદવીદાન સમારંભ ૨૯ ઓગષ્ટ રવિવારના રોજ યોજાશે. રવિવારે ૧૧ વાગે ઓનલાઈન કાર્યક્રમમાં ૫૪૮ સ્નાતક વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાશે. જેમાં ડૉ. પવન મુંજાલ, ચેરમેન, મેનેજિંગ ડિરેક્ટર, સીઈઓ ઓફ હીરો મોટર્સ સહિત મહેમાનો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. ઉપરાંત ડૉ. સંજીવ ગોએન્કા, ચેરમેન ઓફ આરપી સંજીવ ગોએન્કા ગ્રુપ, ચેરમેન ઓફ બોર્ડ ઓફ ગવર્નસ IITGN ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમ ઓનલાઈન IITGN ની યુટ્યુબ ચેનલ (iitgn) અને ફેસબુક પેજ (iitgn.official) પર યોજાશે.

# સચિવાલય એમ્પ્લોઈઝ ન્યુ ક્રેડિટ સોસાયટીના આગામી વર્ષના હોદેદારોની વરણી

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર સરકીટ હાઉસ ખાતે તાજેતરમાં ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ



કો.ઓ.ન્યુ ક્રેડીટ સોસાયટી લિ.ના વ્યવસ્થાપક મંડળની બેઠક યોજાઈ હતી. જેમાં નીચે મુજબના હોદેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

જેમાં પ્રમુખ તરીકે હિરેન.આર.પટેલ, ઉપપ્રમુખ તરીકે હર્ષદસિંહ જે.વાઘેલા, માનદમંત્રી તરીકે જીતેન્દ્ર.જે.સોની, સહમંત્રી તરીકે જયદિપસિંહ.આઈ.ગોહિલ, લોન સમિતિના ચેરમેન તરીકે કિર્તિભાઈ.એલ.પટેલ, ખરીદ સમિતિના ચેરમેન તરીકે તારક.જે.પટેલ તેમજ આઈ.ટી.સમિતિના ચેરમેન તરીકે મહેશ.ટી. સોંદરવાની વરણી કરવામાં આવી છે.

ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો.ઓ.ન્યુ ક્રેડીટ સોસાયટી લિ.સરકારીઅધિકારી-કર્મચારીઓની કુલ ૧૮૮૦ સભાસદો ધરાવતી સહકારી સંસ્થા છે. જેમાં ઉપરોકત હોદેદરો ઉપરાંત લોન સમિતિમાં હિરેન રાઠોડ, સુશ્રી સમીક્ષા કમાણી, સાર્થક ડામોર, વિશાલ સોલંકી, અને ખરીદ સમિતિમાં જયેશ રાવલ, મુકેશ મોલાડીયા, સમીક્ષા કમાણી, જૈમીન પટેલ તેમજ પર્સનલ સમિતિમાં જયેશ રાવલ, રૂદ્રદત્તસિંહ વાઘેલા, હિરેન રાઠોડની સમિતિના સભ્ય તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. આ બેઠકમાં ધી ગુજરાત સચિવાલય એમ્પ્લોઈઝ કો.ઓ.ન્યુ ક્રેડિટ સોસાયટી લિ.માં નવી આઈ.ટી.સમિતિની પણ રચના કરવામાં આવી છે.જેમાં મુકેશ મોલાડીયા, સાર્થક ડામોર, જૈમિન પટેલ અને વિશાલ સોલંકીની સમિતિના સભ્ય તરીકે સર્વાનુમતે વરણી કરાઈ છે તેમ માનદમંત્રી જીતેન્દ્ર જે સોનીએ જણાવ્યું છે.

## પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજનું ગૌરવ

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજની બી.એ. સેમ.-૧ની વિદ્યાર્થીનીઓ પટેલ ચાર્મી (હોમસાયન્સ વિભાગ) તથા વાઘેલા મીનાબેન (ગુજરાતી વિભાગ)એ ગુજરાત યુનિ.માં અવ્વલ નંબર પ્રાપ્ત કરી સમગ્ર કોલેજનું ગૌરવ વધાર્યુ છે. અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ વી. ચૌધરી તથા સમગ્ર ટ્રસ્ટીગણ, કોલેજના આચાર્ય ડૉ. એમ.એમ. ચૌધરી, કોલેજ સ્ટાફગણ તરફથી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## લાયન્સ કલબ ઓફ ફેમિના દ્વારા બાળકોને નોટબુક, પેનોનું વિતરણ

ગાંધીનગર, તા. ૨૬

લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમિનાના પ્રેસિડન્ટ વૈશાલી જોષી તથા ટીમ મેમ્બરો સાથે સામાજીક કાર્યકર્તા વિશાલ પટેલ અને તેના સભ્યો દ્વારા ગાંધીનગરની સરકારી પ્રાથમિક સ્કૂલોના બાળકોને જે સેરી શિક્ષણ ચાલી રહ્યુ છે ત્યાં જઈને બાળકોને ફૂલસ્કેપ નોટબુક અને પેનોનું વિતરણ કર્યુ હતુ.

# મોટી આદરજ અને સુઘડ ખાતે જુગાર રમતા ૯ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર,તા.૨૬

ગાંધીનગર નજીક આવેલા મોટી આદરજ ગામે જોગણી માતાના મંદિર પાસે કેટલાક શખ્સો બેસીને જુગાર રમી રહ્યા છે તેવી બાતમી એલસીબી પોલીસને પેટ્રોલીંગ દરમિયાન મળી હતી. જેને પગલે પોલીસે સ્થળ પર જઈ રેઈડ પાડતા જુગારીઓમાં નાસભાગ મચી જવા માપી હતી. પોલીસે તમામ જુગારીઓને કોર્ડન કરી પકડી પાડ્યા હતા. બાજી માંડીને બેઠેલા જુગારીઓમાં ચંદુ ધના ઠાકોર, ભીખા વિહા ઠાકોર, ઈશ્વર ભીખા ઠાકોર, અને વિષ્ણુ કાના ઠાકોર (તમામ રહે. મોટી આદરજ)ને પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળી આવેલી કુલ રૂ. ૨૨,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

જયારે બીજા બનાવમાં અડાલજ પોલીસના જવાનો પેટ્રોલીંગમા હતા તે દરમિયાન બાતમી મળી હતી કે સુઘડ ગામમાં એક ઘરની ઓસરીમાં કેટલાક શખ્સો જુગારની બાજી માડીને બેઠા છે. જેથી પોલીસે તાત્કાલીક તપાસ કરતા હસમુખ શકરાજી ચાવડા (રહે., ચકલીવાળોવાસ સુઘડ), જયદિપ સુરેશ પટેલ (રહે. પટેલવાસ સુઘડ), રમેશ વિહાજી ઠાકોર (નવો વાસ સુઘડ), કલ્પેશ ભીખાજી ઠાકોર (રહે ચકલી વાળો વાસ) અને ગણપત કાંતિજી ઠાકોર (રહે.દરબાર વાસ સુઘડ) ને દાવમાં લગાવેલી રોકડ અને અંગજડતી દરમિયાન મળેલી રોકડ મળી કુલ રૂ. ૧૧,૮૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

# ચૌધરી ઈન્સ્ટીટ્યૂટ ઓફ નર્સિંગ ખાતે થેલેસેમીયા ટેસ્ટીંગ કેમ્પનું આયોજન

ગાંધીનગર જિલ્લા રેડક્રોસના સહયોગથી ગુજરાત રેડક્રોસ સોસાયટી દ્વારા ચૌધરી ઈન્સ્ટીટ્યૂટ ઓફ નર્સિંગ ખાતે એક થેલેસેમીયા અવેરનેસ પ્રોગ્રામ તથા થેલેસેમીયા કાઉન્સીલીંગ એન્ડ સ્ક્રીનીંગ કેમ્પ રાખેલ હતો. જેમાં ૧૧૮ વિદ્યાર્થીનીઓના ટેસ્ટ થયા હતા. નેહાબેન ત્રિવેદી તથા ડૉ. એન.કે. પટેલ દ્વારા આ કેમ્પનું આયોજન કરાયુ હતુ. સ્ટેટ રેડક્રોસ તરફથી ટેકનીશીયન સંજયભાઈ વાળંદ તથા જયંતીભાઈ વાળંદે થેલેસેમીયા ટેસ્ટ કર્યા હતા. ગાંધીનગર જિલ્લા રેડક્રોસ તરફથી ચેરમેન જીલુભા ધાંધલ, અશ્વિનભાઈ દવે, જી.પી. પટેલે સેવા પુરી પાડી હતી. આ કેમ્પમાં ભાવેશભાઈ આચાર્ય (ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગુજરાત રાજ્યના ચેરમેન) ઉપસ્થિત રહ્યા હતા.



## ગટરમાં પડી ગયેલી ગાયને ફાયર ટીમે બચાવી

ગાંધીનગર શહેરમાં કેટલાક ઠેકાણે ગટરના ઢાંકણા તુટી જવા પામ્યા છે. જેને પગલે રખડતા ઢોર તેની અંદર ખાબકતા હોય છે. ત્યારે ગુરુવારના રોજ નવા સચિવાલય ગેટ નં.૬ ની સામે ગટરમાં ગાય ખાબકી હતી. ગાય અંદર પડી હોવાની જાણ ફાયર ટીમને થતા ગાયને રેસક્યુ કરવા માટે ટીમ આવી પહોંચી હતી. ગાય ગટરમાં અંદર તો પડી ગઈ હતી. પરંતુ તેને બહાર કાઢવી મુશ્કેલ બની ગયું હતું. ત્યારે ફાયર જવાનોએ લોખંડના સળીયા કાપીને અને ડ્રીલ મશીનથી આરસીસી તોડીને ગાયને બે કલાકની ભારે જહેમત બાદ તેને હેમખેમ બહાર નીકાળી હતી.

# ગ્રામ્ય વિસ્તારમાં કચરો લેવા મનપાની ગાડીઓ જતી નથી : બેચરજી ઠાકોર

ગાંધીનગર,તા.૨૬

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ રાયસણ, કુડાસણ, રાંદેસણ સહિતના વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસથી કચરા નિકાલ માટે જતી ગાડીઓ બંધ કરી દેવામાં આવતાં ગ્રામ્ય વિસ્તારના પ્રજાજનોની મુશ્કેલી વધી જવા પામી છે.

જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય અને કોંગ્રેસ અગ્રણી બેચરજી ઠાકોરે જણાવ્યુ છે કે કચરાનો નિકાલ ન થતો હોવાથી ગ્રામીણ વિસ્તારમાં ગંદકીના થર જામવા લાગ્યા છે. સેગ્રીગેશન માટે નવા ભેળવવામાં આવેલ વિસ્તારોમાં ડસ્ટબીન આપવામાં આવ્યા નથી. છતાં લોકો તેમની સમજ પ્રમાણે કચરો અલગ અલગ જ રાખે છે પરંતુ મનપાની આ માટે ગાડીઓ આવતી નથી.

મનપાના સત્તાવાળાઓ ફોન ઉપાડતા નથી અને જવાબ પણ આપતા નથી. ગ્રામીણ વિસ્તારના માર્ગોની પણ સફાઈ જે રીતે થવી જોઈએ તેટલી થતી નથી. ગ્રામીણ વિસ્તારને ભેળવતા પહેલા જે વાતો કરવામાં આવી હતી તેમાંથી એકેય વાતનું અમલીકરણ તંત્ર દ્વારા કરવામાં આવ્યુ ન હોવાથી ગ્રામ્ય વિસ્તારના પ્રજાજનોની હાલત કફોડી બની છે.

# મેઘા એન્જીનિયરીંગ દ્વારા સ્વદેશી બીજી આધુનિક રીંગ ઓએનજીસીને સુપરત કરી

### ૧૫૦૦ હોર્સ પાવરની રીંગ ૪ હજાર મીટર સુધી સરળતાથી ડ્રીલ કરી શકે છે

ગાંધીનગર, તા.૨૬

હૈદરાબાદ ખાતે આવેલ મેઘા એન્જીનિયરીંગ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર્સ લિમિટેડ (એમઈઆઈએલ) દેશમાં મેક ઈન ઈન્ડીયા અને આત્મનિર્ભર ભારત પ્રોગામ હેઠળ ઉત્પાદન કરેલી બીજી સ્વદેશી રીંગ ઓએનજીસીને સુપરત કરી છે.આ



રીંગ એ મેઘા એન્જીનિંયરીંગને ઓએનજીસી તરફથી ૪૭ ડ્રીલીંગ રીંગ પુરી પુાડવા માટે વર્ષ ૨૦૧૯માં પ્રાપ્ત થયેલા રૂ.૬ હજાર કરોડના ઓર્ડરનો હિસ્સો છે. એમઈઆઈએલ એ ભારતમાં સ્વદેશી ટેકનોલોજીથી ઓઈલ અને ગેસ એકસ્ટ્રેકશન માટે રીંગનું ઉત્પાદન કરનાર ભારતની ખાનગી ક્ષેત્રની પ્રથમ કંપની છે. તેણે ૪૭ માંથી પ્રથમ રીંગ ઓએનજીસીને એપ્રિલમાં સુપરત કરી હતી. જે ગાંધીનગર જિલ્લાના કલોલ તેલક્ષેત્રમાં કાર્યરત છે.

આધુનિક હાઈડ્રોલિક ટેકનોલોજી ધરાવતી આ રીંગ ધમાસણા કેએલડીડીએચ તેલના કુવા ખાતે કાર્યરત થવા માટે સજજ છે. તે તેલના કુવાનુ ઝડપી ડ્રીલીંગ કરે છે અને વિજળીનો વપરાશ ઓછો થાય છે. ૧૫૦૦ હોર્સ પાવરની ક્ષમતા ધરાવતી આ રીંગ આસાનીથી ૪ હજાર મીટર સુધી ડ્રીલ કરી શકે છે. આ ડ્રીલ સલામતિના ધોરણો અંગે પણ અતિ આધુનિક ટેકનોલોજી ધરાવે છે અને ૪૦ વર્ષ સુધી કાર્યરત રહેશી તેવી અપેક્ષા છે.

આ અંગે મેઘા એન્જીનિયરીંગના એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર્સ લિ.ના વાઈસ પ્રેસીડેન્ટ રાજેશ રેડ્ડી જણાવે છે કે મેક ઈન ઈન્ડીયા અને આત્મ નિર્ભર ભારત ની સફળતા માટે એનર્જી આયાત ઉપરનું અવલંબન ઘટાડવું ખુબ જ આવશ્યક છે. એમઈઆઈએલ આ બંને પહેલમાં પ્રદાન કરવામાં અને સ્થાનિક ઓઈલ ઉત્પાદનમાં યોગદાન આપીને દેશના ઉર્જા ભવિષ્યને સલામત બનાવવાનું ગૌરવ અનુભવે છે.

જયારે ઓઈલ રીંગ ડિવિઝનના હેડ એન.કિષ્નાએ જણાવ્યું હતું કે હજુ હમણા સુધી ભારત મહદ અંશે ઓઈલ અને ફયુઅલ એકસ્ટ્રેકશન માટે રીંગ આયાત કરવા ઉપર નિર્ભર હતું. પરંતુ એમઈઆઈએલ એ સ્થાનિક રીંગ ઉત્પાદન ક્ષમતાને વેગ આપ્યો છે. ઓએનજીસીને સુપરત કરાયેલી બીજી રીંગનું અદ્યતન હાઈડ્રોલિક અને ઓટોમેટેડ ટેકનોલોજીથી ઉત્પાદન કરવામાં આવ્યું છે. ઓએનજીસીને આ આધુનિક રીંગથી ફાયદો થશે. ઓએનજીસીના ૪૭ રીંગના ઓર્ડરમાં ૨૦ વર્કઓવર રીંગ અને ૨૭ લેન્ડ ડ્રીલીંગ રીંગનો સમાવેશ થાય છે. ૨૦ વર્ક ઓવર રીંગમાં બાર ૫૦ એમટી રીંગનો સમાવેશ થાય છે. ૪ રીંગ ૧૦૦ એમટીની ક્ષમતા ધરાવે છે. જયારે મેઘા એન્જીનિયરીંગનું વડુ મથક હૈદરાબાદ ખાતે આવેલ છે. વિવિધ વિષયોમાં નિપુણતા ધરાવતી કંપની છે. હાલ કંપની સિંચાઈ, ઓઈલ અને ગેસ, પરિવહન, ઉર્જા, ટેલીકોમ, એવિએશન અને સંરક્ષણના ક્ષેત્રે કામ કરે છે.

# શહેરની કોર્ટમાં મુદત ભરવા આવેલા શખ્સે મુદત બાદ ઝેન કારની ચોરી કરી

### વાહનચોરીની મુદત ભરવા માટે આરોપી આવ્યો હતો, તે સમયે કોર્ટ વિસ્તારમાંથી ઝેન ઉઠાવી, એલસીબી-૨ પોલીસે વાહનચોરીનો ભેદ ઉકેલ્યો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર કોર્ટ સંકુલ ખાતે મુદત ભરવા માટે આવેલા ચોર શખ્સો એમએસ બિલ્ડીંગની પાછળ ડુપ્લીકેટ ચાવી થી પાર્ક કરેલી ઝેન ગાડીની ચોરી કરી હતી. ત્યારે આ રીઢા વાહનચોરને એલસીબી પોલીસે રાંધેજા-પેથાપુર માર્ગ પરથી દબોચી લીધો હતો. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



ગાંધીનગર શહેર-જિલ્લામાં વાહનચોરીના કિસ્સા વધી રહ્યા છે. ત્યારે જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ તાબાના અધિકારીઓનો કાયદેસરની કાર્યવાહી કરવા સુચના આપી હતી.ત્યારે એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ સ્ટાફના કર્મચારીઓ પેટ્રોલીંગમા હતા. તે સમયે બાતમી મળી હતી કે રાંધેજા થી પેથાપુર જવાના માર્ગ પર એક શખ્સ ચોરીની ઝેન કાર લઈને પસાર થવાનો છે. જે અંતર્ગત પોલીસ ટીમ દ્વારા આ વિસ્તારમાં વોચ ગોઠવીને ઝેન કાર (જી.જે.૦૧.એચ.સી.-૩૪૦૪)સાથે પાટણના કિમ્બુવા ગામના ૫૨ વર્ષિય જયંતિભાઈ સોમાભાઈ પ્રજાપતિ ને પકડી પાડ્યો હતો. પોલીસે તેની પાસેથી ગાડીના દસ્તાવેજો માંગતા તે ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો,જેથી પોલીસે ઉંડાણપૂર્વક તપાસ કરતા કાર ચોરીની હોવાનું જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે જયંતિ પ્રજાપતિ અગાઉ વાહનચોરીના ગુનામાં પકડાઈ ગયો હતો. જે અંગે કોર્ટમાં કેસ ચાલી રહ્યો હતો.ગત તા.૧૦ મી ઓગસ્ટના રોજ કોર્ટમાં મુદત ભરવા માટે જયંતિ આવ્યો હતો અને મુદત પૂર્ણ થયા પછી ચોરીનો કીડો ફરીવાર સળવળ્યો હતો.જયારે કોર્ટ નજીક એમએસ બિલ્ડીંગની પાછળના ભાગે પાર્ક કરેલી ઝેન કારની ચોરી કરી નાસી છુટયો હતો. જયંતિ પ્રજાપતિ અગાઉ ૬ ઝેન કાર અને એક એકટીવા ચોરીના ગુનામાં પકડાઈ ગયો છે. તે ડુપ્લીકેટ ચાવીથી વાહનો ચોરી કર્યા બાદ તેના એન્જીન નંબર અને ચેસીસ નંબર સાથે છેડછાડ કરીને વેચાણ કરી દેતો હતો. સમગ્ર બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સેકટર-૨૧ મહાવીરનગર સોસાયટીમાંથી બાઈક ચોરી

ગાંધીનગર,તા.૨૬

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ મહાવીર નગર સોસાયટીમાંથી બાઈક ચોરીની ઘટના બની છે. ઘર પાસે રાત્રીના સમયે પાર્ક કરેલ બાઈક સવારે ઉઠીને જોયુ તો પાર્ક કરેલી જગ્યા પરથી બાઈક ગાયબ હતું. અત્યાર સુધી પોતાની રીતે બાઈક અંગે શોધખોળ કરવા છતા બાઈક ન મળી આવતા આખરે સેકટર-૨૧ પોલીસ મથકે રૂ.૪૫ હજારના બાઈક ચોરી ફરીયાદ નોંધાવતા પોલીસ આગળની તપાસ હાથ ધરી છે.

શહેરમા વાહનચોરીના કિસ્સા વધી રહ્યા છે. શહેરમાંથી આંતરે દિવસે વાહનચોરીના બનાવો બને છે. શહેરના ભીડભાડવાળા તેમજ રહેણાંક વિસ્તારમાં છુટા છવાયા પાર્ક કરેલા વાહનોને સરળતાથી ચોર ટોળકી ટાર્ગેટ કરે છે. સેકટર-૨૧ મહાવીરનગર સોસાયટી પ્લોટ નં.૫૬૧-૧ ખાતે રહેતા ગીરીશભાઈ કાનજીભાઈ પટેલ (ઉં.૫૩) દુધનો વેપાર કરી પરિવારનુ ગુજરાન ચલાવે છે. ગીરીશભાઈ તેમજ દિકરા માટે કામ અર્થે તેઓએ વર્ષ ૨૦૨૦ મોડલનું સ્પ્લેન્ડર બાઈક નવીન લીધુ હતું. આ બાઈકનો ઉપયોગ ઘરના સભ્યો કરતા હતા. ત્યારે ગત તા.૨૧ ના રોજ રાત્રીના ૧૧ કલાકે ઘર પાસે અન્ય વાહનોની સાથે બાઈકને પણ પાર્ક કર્યુ હતું. જયારે સવારે ૪ વાગે ગીરીશભાઈને દુધના વેપાર માટે જવાનું હોવાથી તેઓએ નીચે જોયુ તો પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. જેથી તેઓએ આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી પરંતુ બાઈક મળી આવ્યું ન હતું. ત્યારબાદ તેઓએ સેકટર-૨૧ પોલીસ મથકે બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવી હતી.

## જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર મહેન્દ્રસિંહ બી.વાઘેલા(એડવોકેટ) રહે.અમદાવાદના તે અમારા અસીલ શ્રીમતિ જયશ્રી પી. દેવાંગન રહે. ગાંધીનગર નાઓની સુચનાથી આ જાહેર નોટીસ આપીએ છીએ કે, અમારા અસીલના ભાઈ નામે શ્રી રાજેશ જાદવભાઈ સોલંકી રહે. પ્લોટ નં.૨૨૯/૨, સેક્ટર-૩/એ-ન્યુ, ગાંધીનગર નાઓને માનસિક બિમારીના પ્રશ્નોથી પીડાતા હોઈ મનસ્વી રીતે વર્તતા આવેલા છે અને અમારી બદનક્ષી અને ચારિત્ર્યહનન થાય અને પ્રતિષ્ઠા જોખમાય તેવી ભાષામાં કંઈ પણ લખવાની વૃતિ ધરાવે છે (જેમ કે ખોટા ચેક લખવા / ખોટા આક્ષેપો કરવા / મિત્રો, ભાઈઓ અને બહેન બાળકો, શિક્ષકો, પડોશીઓ વગેરેને બદનામ કરવા વગેરે.અમારા અસીલ સામાજિક રીતે પ્રતિષ્ઠિત અને રાજ્યપત્રિત અધિકારી હોઈ તેઓના નામ, હોદ્દા તથા ઓળખાણનો દુરઉપયોગ કરી શકે તેવો ભય છે. જેથી આ વ્યક્તિ સાથે કોઈપણ ઈસમે નાણાંકીય તેમજ કોઈપણ પ્રકારનો લેવડ-દેવડનો વ્યવહાર કરવો નહિ અને જો કરશે તો અમારા અસીલની કોઈ જવાબદારી રહેશે નહિ તેમજ તેઓએ પણ કોઈપણ નાણાંકીય તેમજ કોઈપણ પ્રકારની લેવડ-દેવડ કરવી કરાવવી નહિ અને જો તેવું કર્યાની અમારા અસીલની જાણમાં આવશે તો તેઓની સામે અમારા અસીલ કાયદેસરની કાર્યવાહી કરશે જેની જાહેર જનતાએ તેમજ તેઓએ નોંધ લેવી.

તા.૨૬/૦૮/૨૦૨૧
સ્થળ : ગાંધીનગર

સહી/-
જયશ્રી પી. દેવાંગન

મારી મારફત : મહેન્દ્રસિંહ બી. વાઘેલા(એડવોકેટ), અમદાવાદ મો.૯૮૨૪૦૩૭૦૫૫